
ગાંધીનગર સમાચારના અહેવાલનો પડઘો..

# વેક્સિન લીધા વગર સર્ટીફીકેટ : અરવલ્લી ડી.ડી.ઓ.એ તપાસના આદેશ આપ્યા

**સરડોઈના શિક્ષકે વેક્સિનેશનની શોધમાં છું..તેવી પોસ્ટ સોશ્યલ મીડીયામાં મૂકી, અને પછી ધમસાણ શરૂ થયું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

મોડાસા તાલુકાના સરડોઈના પ્રા.શિક્ષકે કોરોના રસીનો એકપણ



વેક્સિનેશનના વેગમાં ગંભીર ગોટાળા

સરડોઈના શિક્ષકે કોરોના રસીનો એકપણ ડોઝ લીધો નથી છતાં સર્ટીફિકેટથી આશ્ચર્ય

ટાર્ગેટ પૂરો કરવા અન્યને રસી અપાયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

કોરોનાના રસીકરણને વેગ આપવા માટે આરોગ્ય વિભાગ દ્વારા એડી ટોચનું જોર લગાવવામાં આવ્યા પછી વેક્સિનેશનમાં ગંભીર ગોટાળા સામે આવ્યા છે. મોડાસા તાલુકાના સરડોઈના વતની અને બોડેલીની કેહરપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા એક શિક્ષકે રસીનો એકપણ ડોઝ લીધો નથી છતાં તેમના નામે ઓનલાઈન રસીકરણનું સર્ટી નિકળતાં ચોંકી ઉઠ્યા છે. કોરોનાનું સંક્રમણ વધતાં રસીકરણ માટે અંધાધૂંધી સર્જાઈ છે ત્યાં શિક્ષકના નામે રસીકરણનો ટાર્ગેટ પૂરો કરવા અન્યને પ્રથમ ડોઝ આપી દેવાયાની આશંકા વ્યક્ત થઈ છે.

કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થયા પછી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ઝડપથી રસીકરણનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરો કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે રસીના પ્રથમ ડોઝથી સુરક્ષિત થવા માટે સરકારી સામૂહીક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ધસારો જોવા મળી રહ્યો છે પરંતુ અનેક વિસ્તારોમાં રસીની અછતના કારણે પ્રજાજનોને રસીનો ડોઝ ન મળવાથી નિરાશ થવાનો વારો આવ્યો છે ત્યાં મોડાસા તાલુકાના જાગૃત શિક્ષક રસીથી વંચિત રહ્યા હોવા છતાં તેમના નામે રસીનો ડોઝ અપાઈ ગયાની ગંભીર વિગતો સામે આવતાં સનસનાટી મચી છે. વડોદરા જિલ્લાના બોડેલીની કેહરપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા શિક્ષક વેકેશન હોવાથી સહપરિવાર પોતાના વતનમાં આવી ગયા છે અને રસીનો પ્રથમ ડોઝ લેવા માટે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ હજુ સુધી રસીનો એકપણ ડોઝ તેમને લીધો નથી પરંતુ મોબાઈલ ફોનમાં તેમના નામે રસીકરણનું સર્ટી અને મેસેજ આવતાં તેઓ ચોંકી ઉઠ્યા છે. કોઈએ તેમના નામે તેમના આધારકાર્ડના આઈ.ડી.નો દુરૂપયોગ કરી રસી મેળવી લીધાની આશંકા વ્યક્ત થઈ છે. જ્યારે સર્ટીમાં રસીનો ડોઝ આપનાર આરોગ્ય કર્મચારીનું નામ લખેલું હોવાથી સંભવિત રીતે તેમના નોકરીના સ્થળે કોઈએ આધાર આઈ.ડી.નો દુરૂપયોગ કરી રસી લીધી હોવાની શંકા છે. જેથી જાગૃત શિક્ષક દ્વારા સરકાર રસીકરણના નામે ધુપ્પલ ચલાવતી હોવાના આક્રોશ સાથે સોશ્યલ મીડીયામાં પોસ્ટ મૂકવામાં આવતાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. શિક્ષકે રસીનો એકપણ ડોઝ લીધો જ નથી તો પછી મોબાઈલ ફોનમાં તેમના આધાર આઈ.ડી. સાથે રસીકરણનું સર્ટી આવ્યું જ કેવી રીતે..?? તેની તપાસ થાય તો વેક્સિનેશનને વેગ આપવા માટે થતા ગરબડ ગોટાળા ઉજાગર થઈ શકે છે.



જાહેરનામું

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૦૬/૦૫/૨૨૦૨૧

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જીલ્લો : મહેસાણા

ક્રમાંક : અમ-૨૦૨૧-૧૯૧-મ-જમક-૧૭૨૦-૪૦૫-ઘ

ગુજરાત સરકાર ધ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-

ડોઝ લીધો નથી છતાં સર્ટીફીકેટ જોઈ આશ્ચર્ય થયું અને હું વેક્સિનેશનની શોધમાં છું, સર્ટી સાથે પોસ્ટ સોશ્યલ મીડીયામાં ફરતી કરી એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તેની ગંભીર નોંધ લીધી અને અરવલ્લી ડી.ડી.ઓ.ને તપાસના આદેશ આપતાં પ્રા.શિક્ષણ વિભાગમાં દોડધામ મચી છે. આવનારા દિવસોમાં આરોગ્ય વિભાગના અનેક છબરડા બહાર આવી શકે છે.

**સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો ખુલાસો માંગ્યો...**

બાયડ : ચર્ચાતી વાતો અનુસાર પ્રા.શિક્ષકે વેક્સિન લીધું નથી છતાં સર્ટી મળી ગયું છે તેના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી જિલ્લા આરોગ્ય તંત્રમાં પણ હલચલ મચી છે. સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો આ અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય વિભાગ ઉપર અનેક પ્રકારના આક્ષેપ થયા છે. ટાર્ગેટ પૂરો કરવા વીણી..વીણીને લોકોને લાવવામાં આવે છે. ટાર્ગેટ પૂરા થતા નથી અને ક્યાંક રસીના ડોઝનો બગાડ થયાના પણ આરોપ લાગી રહ્યા છે. ત્યારે સરડોઈના પ્રા.શિક્ષકે તાજેતરમાં જ સોશ્યલ મીડીયા ઉપર પોસ્ટ મૂકી જેમાં હું વેક્સિનેશનની શોધમાં છું, મેં ક્યારે વેક્સિન લીધી તેની મને ખબર નથી, અને મને વેક્સિનેશનનું સર્ટીફીકેટ મળી ગયું..બસ આજ પોસ્ટના અહેવાલ પ્રસિદ્ધ થતાંની સાથે આરોગ્ય તંત્રમાં ધમસાણ મચ્યું. અરવલ્લી ડી.ડી.ઓ.ના આદેશ પછી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કયા પ્રા.શિક્ષકને વેક્સિનેશન લીધા વગર સર્ટી મળ્યું છે..?? તે શોધવા માટે બી.આર.સી., સી.આર.સી. સહિતના કર્મચારીઓને કામે લગાડ્યાની વિગતો પ્રકાશમાં આવી છે.

# સાબરકાંઠા, અરવલ્લીના ખેડૂતોને વેપારીઓ દ્વારા બટાકાનું પેમેન્ટ ન ચૂકવાતાં મુશ્કેલી

**રૂા.૨૦ કરોડથી વધુનું પેમેન્ટ સલવાયું, પાવતી લઈને હિસાબ કરવા જાય તો ઘટ કાપવાનું ગતકડું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બટાકા પકવતા ખેડૂતોએ અચ્છે દિનની આશા રાખી પરંતુ વેપારીઓ દ્વારા આજદિન સુધી બટાકાનું પેમેન્ટ ન થતાં હજારો ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. હિસાબ કરવા માટે પાવતી લઈને પહોંચે ત્યારે એક કટ્ટાનું એકંદરે ૬ થી ૭ કી.ગ્રામ વજન કાપે છે. ખેડૂતોના વેચાણ ભાવ અલગ અને પૈસા ચૂકવણું અલગથી કરી રહ્યા છે. અત્યારે તો બટાકા પકવનારા ખેડૂતો બટાકા પકવીને પણ કંપનીઓના હાથે પાયમાલ બની રહ્યા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની હજારો હેક્ટર જમીનમાં બટાકાનું બમ્પર વાવેતર પછી બમ્પર ઉત્પાદન થયું. કોલ્ડ સ્ટોરેજો હાઉસ્ફુલ થયા. કેટલાક વેપારીઓએ ખેડૂતો પાસેથી ખેતરમાં પહોંચીને બટાકાના સોદા કરી લીધા. બાયડ, ધનસુરા, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, ભિલોડા સહિતના ખેડૂતોએ કંપનીઓને બટાકા વેચ્યા અને સારા ભાવની લોલીપોપ આપતાં ખેડૂતો મનોમન મલકાયા. માર્ચ મહિનામાં બટાકા વેચ્યા પછી ખેડૂતોને કોરોનાના કપરા કાળમાં પૈસાની જરૂરીયાત ઉભી થઈ ત્યારે બટાકાના પાકનું પેમેન્ટ લેવા ગયા ત્યાં તેમને યોગ્ય જવાબ મળતા નથી અને હવે બે મહિના પછી બટાકાની નવી ખેતીનો પ્રારંભ કરવાનો છે ત્યારે બિયારણ લાવવા માટે પણ ખેડૂતો પાસે પૈસા નથી. હિસાબ કરવા માટે પાવતી લઈને ખેડૂતો પહોંચે ત્યારે સોદાના ભાવ અને વેચાણના ભાવ અલગ અલગ બતાવી રહ્યા છે અને બટાકાના કટ્ટામાં બગાડનું બહાનું આગળ ધરી ખેડૂતોને મૂડવાનો નવો ખેલ શરૂ થયો છે. એક તરફ કેન્દ્રની મોદી સરકાર પાયમાલ બનતા ખેડૂતોને પગભર બનાવવા માટે અનેક આર્થિક સહાય આપી રહી છે તો બીજી તરફ બટાકા ખરીદતી કંપનીઓ અરવલ્લી, સાબરકાંઠામાં ખેડૂતોને મનમૂકીને લૂંટવાની સાથે ખેડૂતોનું પેમેન્ટ અટકાવી દીધું છે આ મુદ્દે યોગ્ય હલ નહીં આવે તો ખેડૂતો આંદોલનનો માર્ગ અખત્યાર કરી શકે છે.

**મોડાસાના ખેડૂતોના ૩ કરોડથી વધુનું પેમેન્ટ સલવાયું..**

બાયડ : મળેલી વિગતો અનુસાર મોડાસા તાલુકાના મેઢાસણ, ડુઘરવાડા, વણિયાદ, ગઢા, નાપાકંપા, ચિચણો, હફસાબાદ સહિતના ખેડૂતોએ કંપનીઓને બટાકા વેચ્યા હતા અને માર્ચ મહિનાથી પેમેન્ટ માટે વારંવાર માગણી કરવા છતાં પેમેન્ટ આવતું નથી. હિસાબ કરવા માટે પાવતી લઈને જાય ત્યારે સોદાના અને વેચાણના ભાવ અલગ અલગ બતાવી રહ્યા છે. કટ્ટા દીઠ ઘટ પણ કાપવામાં આવી રહી છે. મોડાસા તાલુકાના ખેડૂતોનું ૩ કરોડથી વધુનું પેમેન્ટ સલવાયાની ચર્ચા જામી છે.

## જન્મદિને વધામણી



સંજયભાઈ એસ. પટેલ
(પ્રા.શિક્ષક : ડાભા પ્રા. શાળા)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



સુધીરભાઈ એસ. પટેલ
(પ્રા.શિક્ષક : હાંડીયા પ્રા.શાળા)
(શિવમપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અયુબખાન ઘાંચી
ગાબટ, તા.બાયડ



એડવોકેટ વિમેશ સોની
બાયડ, જિ.અરવલ્લી



હર્ષ ગોસ્વામી
બાયડ, જિ.અરવલ્લી



વિમલસિંહ સોલંકી
બાયડ, જિ.અરવલ્લી



રૂપેશ (કાબો) હિંમતભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



અશોકભાઈ ભાવાણી
(જે. એસ. મહેતા હાઈસ્કુલ-ધનસુરા)
હિરાપુરકંપા, તા.ધનસુરા

## વિશ્વ સાયકલ દિવસની ઉજવણી


બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

તા.૩ જૂન વિશ્વ સાયકલ દિવસ તરીકે ઉજવાયો. સમય બદલાયો છે, કોરોનાનો કપરો કાળ અને લોકો વિવિધ પ્રકારની ગંભીર બિમારીમાં પટકાયા છે. ત્યારે કોરોના કાળમાં સાયકલના વેચાણમાં ઉછાળો આવ્યો હતો. સુખી-સંપન્ન લોકો પણ સાયકલ ચલાવી શરીરને સ્વસ્થ્ય રાખતા જોવા મળ્યા. અરવલ્લી જિલ્લાના યુવા ઉદ્યોગકાર શિરિષ ચોપડા(ધનસુરા) અને તેમના મિત્રોએ અમારા સ્વાસ્થ્યની ચિંતા કરનાર.. સાયકલ તને આજના વિશ્વ સાયકલ દિવસે નમસ્કાર..સોશ્યલ મીડીયામાં પોસ્ટ મૂકી સૌના દિલ જીતી લીધા.



# દારૂની હેરાફેરી : શામળાજી પોલીસે ટોઈંગ કરેલ કારમાંથી રૂા.૨૮,૦૦૦નો વિદેશી દારૂ ઝડપ્યો

**નવી મોડસ ઓપરેન્ડીથી પોલીસ અવાચક બની**



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા બુટલેગરો અને બંધાણીઓ અવનવી તરકીબ અજમાવી રહ્યા છે. શામળાજી પોલીસે ટોઈંગ કરેલ કારના ડેસ્ક બોર્ડ અને બંન્ને સાઈડના પડખામાંથી ૭૦ નંગ દારૂની પોટલી કિંમત રૂા.૨૮,૦૦૦ તથા બે વાહનો મળી કુલ રૂા.૫,૪૧,૦૦૦નો મુદ્દામાલ ઝડપી લીધો છે.

શામળાજી સરહદેથી ગુજરાતમાં આસાનીથી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. અગાઉ એસ.ટી. બસ ત્યારબાદ એમ્બ્યુલન્સ જેવા વાહનોમાં બેસીને દારૂ ઘુસાડનારા કેરીયરો ઝડપાયા છે. શામળાજી પોલીસ અણસોલ ગામના સીમાડામાં વાહનોનું ચેકીંગ કરતી હતી ત્યારે પીકઅપ ડાલા ક્રેઈનથી ટોઈંગ કરેલ કારને થોભાવી શંકા જતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી જેમાં કારના પડખા તથા ડેસ્કબોર્ડની અંદર પ્લાસ્ટીકના મીણીયાની પોટલીઓમાં સંતાડેલ દારૂ મળી આવતાં પોલીસ ચોંકી ઉઠી હતી. શામળાજી પોલીસે ૫ આરોપીઓ વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે અશોક નામનો આરોપી ફરાર છે.



**આરોપીઓ..**

- હરેશભાઈ રવજીભાઈ વાઘજીભાઈ ઝાપડીયા, રહે.નાળીયેરી, તા.ચોટીલા
- વિજય ભૂપતભાઈ દેવશીભાઈ મકવાણા, રહે.નાળીયેરી, તા.ચોટીલા
- કુનતિયા જયસુખભાઈ રાજુભાઈ દેવાભાઈ, રહે.નવાગામ, ચોટીલા
- દેવજી મનસુખભાઈ છગનભાઈ સંઘાણી, રહે.નવાગામ, બામણબોર
- જીવનસીંગ વિજયસીંગ રાવત, રહે.નરબદખેડા, જિ.અજમેર

## ઈડર પંથકના ભૂવેલ ગામે પિપળાનું ઝાડ ભેંસ ઉપર પડતાં મોત નિપજ્યું

નેત્રામલી, તા. ૩

ઈડર પંથકમાં ગત વહેલી સવારે ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાતા ભૂવેલ ગામે ચેનવા મહેશભાઈ કરશનભાઈ ના ઘર આંગણે મોટું પીપળાનું ઝાડ આવેલું છે આ પીપળાનાં ઝાડ નીચે દુધાળી ભેંસ રોજની જેમ બાંધેલી હતી. ગત સવારે ભારે પવન સાથે



વાવાઝોડું આવતાં પીપળાનું ઝાડ એકાએક ધરાશાયી થઈ ભેંસ ઉપર પડતાં મોત નિપજ્યું હતું. આ ઘટનાથી ખેડૂતના માથે આભ ફાટી જેવા સ્થિતિ ઉભી થવા પામી હતી. ખેડૂત પરિવારની રોજી સમાન દુધાળી ભેંસ મરણ પામતા પરિવાર ભારે શોકમાં ધરકાવ થઈ જવા પામ્યું હતું.

## દુઃખદ અવસાન



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડ : ધનસુરા એ.પી.એમ.સી.ના કર્મચારી તરૂણભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સંસ્થાના નિષ્ઠાવાન કર્મચારીના નિધનથી ચેરમેન જગદીશભાઈ એસ. પટેલ, સેક્રેટરી રવિન્દ્રભાઈ બી. પટેલ દ્વારા સ્ટાફે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

# હિંમતનગરના દલાલ પાસેથી મકાઈ ખરીદી રૂા.૩૩ લાખની છેતરપીંડી

**૬ જણ સામે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે ગુનો નોંધ્યો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

હિંમતનગરમાં એસ.જી. બ્રોકર્સ પેઢી પાસેથી રૂા.૩૩,૦૮,૩૧૬ ની કિંમતની મકાઈ ખરીદી પૈસા ન આપતાં મહેસાણાના રાજેન્દ્રકુમાર સેંધાભાઈ પ્રજાપતિ સહિત ૬ જણ સામે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુનો નોંધાતાં વેપારી આલમમાં તહલકો મચી ગયો છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગરની મુસ્તુફા મસ્જીદ પાસે રહેતા મોહમદહૂસેન ગુલામનબી પૌચેયા એસ.જી. બ્રોકર્સ પેઢી ખોલી દલાલીનું કામ કરી રહ્યા છે. ગત તા.૨૪ જાન્યુઆરી દરમ્યાન તેઓએ મહેસાણાના રાજેન્દ્રકુમાર સેંધાભાઈ પ્રજાપતિ સહિત અન્ય વેપારીઓને કુલ રૂા.૩૩ લાખની મકાઈ ઓર્ડર પ્રમાણે આપી ગાયત્રી ગૃહ ઉદ્યોગ નામના ગોડાઉનમાં ખાલી કરાવી હતી અને માલના પૈસાની ઉઘરાણી કરવા છતાં પૈસા ન આવતાં કોરોનાના કપરા કાળમાં દલાલ વધુ આર્થિક ભીંસમાં આવી ગયા. વારંવાર વિનંતી છતાં માલના પૈસા ન મળતાં અને પૈસાની ઉઘરાણી કરતાં ગાળો બોલી મારી નાખવાની ધમકી આપતાં દલાલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

**આરોપીઓ....**

- રાજેન્દ્રકુમાર સેંધાભાઈ પ્રજાપતિ, રહે.૧૩, સાકેત બિઝનેસ, હબ ગોલ્ડન સ્ક્વેરની સામે, મહેસાણા.
- પ્રકાશભાઈ મગનભાઈ શાહ, રહે.રોનક ફૂડસ અને કેશવ ટ્રેડીંગ, ઈડર
- જયભાઈ યોગેશભાઈ શાહ, રહે.૨૨૦/૨, તિરૂપતિ કોમ્પલેક્ષ, કાલુપુર, અમદાવાદ
- મોહમદહનિફ ઉસ્માનભાઈ શેખ, રહે.ખતપીરબાવાની દરગાહ પાસે, ધોળકા, જિ.અમદાવાદ
- ચંપકલાલ જી. માળી, રહે.ડીસા
- ભરતભાઈ પટેલ, રહે.નંદાસણ, જિ.મહેસાણા

# કોરોનાથી ધનસુરા APMCમાં ફરજ બજાવતા યુવકનું મોત

**૧૦ દિવસ અગાઉ માતાનું પણ અવસાન થયું હતું કોરોનાથી માતા પુત્રનું મોત : યુવકના મોત બાદ ધનસુરા APMC બે દિવસ બંધ રહેશે**

ધનસુરા, તા. ૩

કોરોનાથી ધનસુરા APMC માં ફરજ બજાવતા પટેલ તરુણ નામના યુવક નું મોત થયું હતું ધનસુરા તાલુકાના એદલપુરા કંપા ના ૩૨ વર્ષિય યુવાન નું મોત થયું હતું આ અગાઉ યુવાન ની માતા નું પણ કોરોના થી ૧૦ દિવસ અગાઉ મોત થયું હતું તરુણભાઈ પટેલ ધનસુરા APMC માં ફરજ બજાવતા હતા તેમની ૧ મહિનાથી સારવાર ચાલતી હતી અગાઉ ધનસુરા ખાતે સારવાર શરુ હતી ત્યારબાદ વધુ સારવાર માટે સાણંદ દાખલ કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું યુવક ૨૦૦૯ થી ધનસુરા APMC માં નોકરી કરતો હતો અને ૪ વર્ષ નો પુત્ર પણ છે તેઓ એદલપુરા રહેતા હતા યુવકનું અવસાન થતા ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી યુવક નું મોત થતા ધનસુરા APMC બે દિવસ બંધ રહેશે ધનસુરા APMC ના સેક્રેટરી રવિન્દ્રભાઈ સહિત અગ્રણીઓએ શ્રધ્ધાંજલિ આપી હતી.




# મોડાસાના લીંભોઈ ગામે ત્રણ પુત્રીઓએ પિતાને અગ્નિદાહ આપ્યો

**દશ્યો જોઈ ગ્રામજનો હીબકે ચઢ્યા, માતા-પિતાનું કોરોનાથી મોત**

મોડાસા, તા. ૩

કોરોનાના કહેરમાં અનેક પરિવારોએ સ્વજનો ગુમાવ્યા છે કેટલાક પરિવારોમાં એક સાથે ત્રણ થી ચાર લોકોને કોરોના ભરખી ગયો છે મોડાસા તાલુકાના લીંભોઈ ગામે એક મહિનામાં પતિ-પત્નીને કોરોના ભરખી જતા ત્રણ પુત્રીઓ પર આભ તૂટી પડ્યું છે કાંધ આપે છે, પરંતુ મોડાસાના લીંભોઈ ગામે ત્રણ પુત્રીઓએ પિતાને કાંધ આપતાં હ્યદયદ્રાવી દ્રશ્યો સર્જાયા હતા.ખાનગી કંપનીમાં એન્જીનિયર તરીકે ફરજ બજાવતા સુરેશ ભાઈ રાઠોડને કોરોના થયા પછી તેમના પત્ની સંક્રમીત બન્યા હતા તેમના પત્નીને કોરોના ભરખી ગયા પછી કોરોના થયાં એ જ પિતાને સ્મશાન વળાવતી વખતે દીકરીઓએ હદય પર પથ્થર મુકી અગ્નિસંસ્કાર અને કાંધ આપી હતી. જે દરમિયાન આખા ગામમાં ગમગીનના દ્રશ્યો સર્જાયા હતા.

ત્રણે દીકરીઓએ અશ્રુભીની આંખે જણાવ્યું હતું કે 'અમે ક્યારેય સ્મશાન



લીંભોઈ ગામે ત્રણ પુત્રીઓએ પોતાના મૃતક પિતાને કાંધ આપી અને અગ્નિદાહ આપી પુત્ર ધર્મ નિભાવ્યો હતો સાથે સમાજને એક નવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું મંગળવારે રાત્રીના સુમારે આ ત્રણે દીકરીઓએ રડતી આંખે પોતાના પિતાને અગ્નિદાહ આપી એક પુત્ર ધર્મ નિભાવ્યો હતો દીકરીઓએ અશ્રુભીની આંખે પિતાને અંતિમ વિદાય આપી હતી.

હિન્દુ વિધિ પ્રમાણે જ્યારે પિતાનું મૃત્યુ થાય ત્યારે પરિવારમાં પુત્ર અર્થીને સામે ૫૨ દિવસ જંગ લડ્યા પછી આખરે કોરોના સામે જંગ હારી જતા ત્રણે પુત્રીઓએ એક મહિનાના ટૂંકા ગાળામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો મંગળવારે રાત્રે સુરેશભાઈનું દુઃખદ અવસાન થતા તેમની સગી ૩ દીકરીઓ અને પરિવારજનોએ કાંધ આપી દીકરીઓએ રડતી આંખે પોતાના પિતાને અગ્નિદાહ આપી એક પુત્ર ધર્મ નિભાવ્યો હતો.અને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. જે કૂખમા રમી ભમી મોટા થયાં એ જ પિતાને સ્મશાન વળાવતી વખતે દીકરીઓએ હદય પર પથ્થર મુકી અગ્નિસંસ્કાર અને કાંધ આપી હતી.

આવ્યા નથી. પરંતુ એક દીકરાની ભૂમિકા અદા કરવા માટે અમે અમારા પિતાને કાંધ આપીને અગ્નિસંસ્કાર કર્યા છે. અમારા જીવનમાં અમારા પિતાનો સિંહફાળો રહ્યો છે. જેનું ઋણ અમે ક્યારેય ચૂકવી નહીં શકીએ. લીંભોઈ ગામમાં આ પ્રથમ ઘટના બની હતી કે જ્યાં દીકરીઓએ તેના પિતાને સ્મશાન સુધી કાંધ આપી અગ્નિસંસ્કાર કર્યા. ત્યારે આ પરિવારના દુખમાં ભાગીદાર બનવા માટે ગામ લોકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા.



હિંમતનગર તાલુકાના કાંકરોલ ચામુંડા મંદિરના ટ્રસ્ટી મણીભાઈ ડાહ્યાભાઈ દરજી હિંમતનગર માયોન હાઈસ્કુલમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. જેઓ ગત તા.૩૧-૦૫-૨૦૨૧ને સોમવારના દિવસે વયનિવૃત થતા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વયનિવૃત થતાં મણીભાઈ દરજીને શાળાના સ્ટાફે સન્માનીત કરી તેમની સેવાને બિરદાવી હતી. તેમજ મંદિરના મહારાજશ્રી રાકેશભાઈ જોશી, મંદિર ટ્રસ્ટીગણ તથા સ્થાનિક દરજી સમાજના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.